સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૮૫ / શુમારો : ૧ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૨

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ મોહર્રમ ૧૪૩૨ હી., ૭-૧૨-૨૦૧૦

# -::: અલ્લાહતઆલા વાસ્તે હક્કની દાઅવત છે :::-

**દાઅવત જન્નતની કિયારી છે :**

અલ્લાહતઆલા વાસ્તે હક્કની દાઅવત છે. હક્કની દાઅવત જન્નતની ક્યારીની મિસિલ છે. તે અલ્લાહની તૌહીદ અને તેની દાઅવતના મરતબાઓના સાહબની તૌહીદ તરફ દાઅવત કરે છે. જે શખ્સ અલ્લાહની તૌહીદ અને અલ્લાહની ઝમીન પર ના બાબ અને હુજ્જતની તૌહીદને વલગી રહ્યો તે હકીકતમાં જન્નતી છે. દાઅવતના ફરઝંદો જન્નતી છે. મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) એ જે કલેમએ શહાદત પઢાવી હમને તૌહીદના લાકીમત જૌહરથી મોઝય્યન અને મખ્સૂસ કીધા તે સબબ હમે જન્નતની ક્યારીમાં દાખિલ થઇ ગયા. ગૈર લોગો પર હમારો માલ અને ખૂન હરામ થઇ ગયા. હમેં તમામ શરથી મેહફૂઝ થઇ ગયા. દાઅવતમાં જન્નતે દાનીયાહ-નીચી જન્નતની કુવ્વત છે અને મૌત બાદ તમામ મુમેનીન મુખ્લેસીન વાસ્તે જન્નતે આલીયાહ-ઉંચી જન્નત છે. ઈમામુઝઝમાન (અ.સ.) પરદામાં છે પણ આપની દાઅવત ઝિંદા છે. આપના નાઈબ **આપની મસ્નદને નૂર બખ્શે છે. દાઇ, માઝૂન અને મુકાસિરના રૂત્બાઓ મૌજૂદ છે તેથી દાઅવતનો નિઝામ બરકરાર છે.** આ નીચેના રૂત્બાઓના વુજૂદના સબબ ઈમામના આલી મરતબાના વુજૂદની દલીલ હાસિલ થાય છે. જ્યારે ઈમામ પરદામાં હોય તો આ રૂત્બાઓને નૂર અને ઈલ્મની તાઈદ મીલતી જ રહે છે.

**મકામના સાહબ અલ્લાહની રસ્સી છે :**

દાઅવતે હાદીયા હમને ખૈર અને ભલાઇ તરફ ઈઝન આપે છે. અમલે સાલેહ કરવા તરફ બોલાવે છે. જેથી હમેં આ અમલના ઘર દુનિયામાં ઈલ્મો-અમલથી હમારા દામનને ભરી શકીએ અને જન્નતનાં હકકદાર થઇ શકીએ. આ દાઅવત આપનાર સાહબ રોઝે અઝલથી ઈન્સાની શિક્લો સૂરતમાં હાઝિર છે. આદમ (અ.સ.) ના ઝમાનથી આજ તક દાઅવતના અમરને અંજામ આપવા નબી, વસી અને ઈમામ (અ.સ.), અલ્લાહની રઝામંદીથી દુનિયામાં પધારે છે અને લોગોને સિરાતે મુસ્તકીમ બતાવે છે. માઅરેફતે ઈલાહી ખુદ સિરાતે મુસ્તકીમ છે. હર મકામના સાહબ યાઅની અલ્લાહની માઅરેફત કરાવનાર પોતાના ઝમાનમાં દાઈ, મુરશિદ, બશીર, નઝીર અને સિરાજુમ્મુનીર બનીને પધારે છે અને અલ્લાહના પૈગામ અને પયામને પહોંચાડે છે. શૈતાનના મકરો ફરૈબથી બચાવી રાખે છે. શરીઅત અને તરીકતની નેઅમતે અઝીમા પહોંચાડી, એના પર ગામઝન કરે છે. ઝિંદગી આરાસ્તા કરવાનો તૌર-તરીકો બયાન કરે છે એટલા વાસ્તે કે, ઈલ્મો અમલથી આખેરતની ઝિંદગી મુમેનીન ઉસ્તવાર કરી શકે. જેએ આ દાઅવતના મીસાકની ઈમાની રસ્સીને, હબ્લુલ્લાહિલ મતીનને મઝબૂતીથી પકડી, શરીઅત પર ચાલો, ઔલિયાઉલ્લાહની સીરતે કરીમાના નકશે કદમ પર પોતાના કદમોને મીલાવા, તેની નજાત છે. તેને વાસ્તે ફૌઝો ફલાહ છે, અઝીમ કામિયાબી છે. **આ હબ્લુલ્લાહિલ મતીન તે રસ્સી છે કે, જેનો એક છેડો અલ્લાહના હાથમાં અને બીજો હમારા હાથમાં છે.** એક માઅનામાં હબ્લુલ્લાહ તે ઝમાનામાં ઈમામ અને નાઈબે ઈમામ અલયહિમસ્સલામ છે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**હમારા મૌલા સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ હમારા કારેઈન મુમેનીન વાસ્તે, અય અલ્લાહતઆલા, તું ૧૪૩૨ હિ.નું સાલે જદીદ બરકાતે હુસૈનીયાહના તુફૈલથી મુબારક કરજે, ખુશહાલી અને સુકૂન બખ્શનાર કરજે.**

**ઝિક્ર કરનારી ઝબાન, શુક્ર કરનારું દિલ અને દીનદાર બૈરો બહેતરીન દૌલત છે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***અલ્લાહતઆલા વાસ્તે હક્કની .....***

જેએ આ હબલને પકડી, તેના સોચમાં, અમલમાં, અખલાકમાં અને કિરદારમાં કોઈ બિગાડ નથી. કેમકે, આ રસ્સીથી તેનો ઈત્તેસાલ-મીલન અલ્લાહથી થાનાર છે. જેના હાથમાં આ રસ્સી છે તે ઈલાહી રંગ સાથે ઈલાહી ગિરોહમાં મીલનાર છે. અંબિયા, ઔસિયા, અઈમ્મતે તાહેરીન અને દોઆતુલ અકરમીન (આ.કુ.) ની રેહમતના જિવાર-પડોશપણમાં બેસનાર છે. સોહબતે પાકીઝા મીલનારી છે, જે તેનું અસલી ઠેકાણું છે. દાઅવતના ઝરીએ જ મુમિન તેના અસલી ઠેકાણા પર-પનાહગાહમાં જાનાર છે. જેએ દાઅવતનું દામન છોડું તે દર દર ભટકનાર છે અને ગુમરાહ થાનાર છે.

**મોહબ્બતે આલે મોહંમદ (સ.અ.), નૈકી છે :**

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "અય લોગો, શું હું તમને એ નેકીની ખબર ન કરૂં કે, જે કોઈ એ બજા લાવે તો કયામતના દિન એને અમાન મીલે ! એ બદી-બુરાઈથી ખબરદાર ન કરૂં કે, જે કોઈ એના પર ચાલે તો અલ્લાહતઆલા તેને રોઝે કયામત મોં ના બલ જહન્નમમાં નાખે !" લોગોએ અરઝ કીધી કે, ઝરૂર આપ બતાવીએ અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ. આપે ફરમાવું કે, **"અમારી મોહબ્બત નેકી છે અને અમારાથી બુગ્ઝો અદાવત બુરાઇ છે."**

એક શીઆની જમાઅત આપને નઝદીક આવી તો આપે નસીહત ફરમાવી કે, યૌમે કયામત અમોએ અમારા નબીએ કરીમ (સ.અ.વ.વ.) નાં દામનને અમારા હાથમાં પકડેલું હશે અને આપ લોગોએ અમારા દામનને. અય મારા શીઆ, આપ જાણો છો કે અમારો સાથ આપને કઇ તરફ લઈ જાશે ? બાઝે કહ્યું કે, જન્નતની તરફ, અગર ખુદા ચાહશે તો. આપ (અ.સ.) એ ફરમાવું કે, ઝરૂર ! અલ્લાહ ચાહશે તો તમારો કસ્દ અમારે સાથે જન્નત તરફ જ હશે.

અલ્લાહતઆલાએ તેની ઈતાઅત અને તેના રસૂલ (સ.અ.વ.વ.) ની ઈતાઅતથી હમને હક્કથી વલગનાર કીધા અને ઈમામુઝઝમાન (અ.સ.) ના નાઈબ હુઝુરેઆલી સૈયેદના વ મૌલાના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની ઈતાઅતની દૌલતથી હમારા ઘરબારને આબાદ કીધા તેનો હઝાર હઝાર શુક્ર હમેં દરબારે ઈલાહીમાં અદા કરીએ છીએ. **આ નેઅમત તે નેઅમત છે કે, જેનો રોઝે હશર સવાલ થાનાર છે.** આથી મેહરૂમ અને બેનસીબ લોગો પરૈશાન હાલ છે, જેનો કોઈ રાઈ અને રેહનુમા નથી. જે લોગો આ નેઅમતને હલકી ગીને છે, એનાં કદરદાન અને કદરશનાસ નથી, તેને વાસ્તે દુનિયા અને આખેરતમાં કોઈ હિસ્સો નથી, **"લા ખલાક લહુમ ફિલ આખેરત."**

**ઈબાદતગુઝાર અને કતરાનો કિસ્સો :**

સાલેહીનમાંથી બાઝે આ સિલસલામાં ઘણી દિલચસ્પ રિવાયત મન્કૂલ કરેલી છે કે, લુબ્નાન મુલ્કના એક પહાડની ગુફામાં એક ઈબાદતગુઝાર આબાદીથી દૂર ઈબાદત અને રોઝામાં રાત- દિન ગુઝારતો હતો. અલ્લાહતઆલાની મશીયતથી આના બદલામાં તેની ખિદમતમાં હર રોઝ એક રોટલી નાઝિલ થાતી, જેમાંથી અડધી રોટલીથી સેહરી અને અડધીથી તે ઈફતાર કરતો. એક અરસા તક આ મુજબ તે પહાડ પર ઠહેરી ગુઝર-બસર કરતો. **પણ એક દિન ઇત્તેફાકથી એના પર રોટલી નાઝિલ ન થઇ.** તેએ મગરિબ-ઈશાની નમાઝ તો અદા કીધી પણ ભૂખની શિદ્દત બરદાશ્ત ન કરી શકો. પૂરી રાત તક તે રોટલીના ઈન્તેઝારમાં રહ્યો અને આખિરકાર તે ગુફામાંથી ફજરમાં નીકલી પડો.

તે પહાડને નીચે એક નાનું ગામડું હતું, જેમાં ઈસાઈયો રહેતા હતા. ફજર થઈ તો આ ઈબાદતગુઝાર ગામમાં એક ઝઈફ નસરાનીના ઘરે પહોંચો અને જમનનો સવાલ કીધો. તે બુઝુર્ગે તેની લાચારી પર રહમ ખાઈને બે રોટલી સદકામાં આપી. તે લઈને તે પહાડના રસ્તે ગયો. નસરાનીએ એક કૂતરો પાલો હતો જે બિમાર અને કમ્ઝોર થઈ ગયો હતો, તેને આ આબિદ મીલો અને તેના કમીસને ખેંચું. આ આબિદે કુતરાની તરફ એક રોટલી ફેંકી જેને તે ખાઈ ગયો. બીજી વાર પણ કૂતરાએ આબિદના કપડા ખેંચા તેથી તેએ બીજી રોટલી પણ ફેંકી દીધી અને કૂતરાએ તે ખાઈ લીધી, તે બાવુજૂદ તેના દામનને છોડું નહીં, કૂતરો આબિદ પર હમ્લાવર થયો અને કમીસ ચીરી નાંખું.

તે આબિદ ગુસ્સામાં બોલો કે, મેં તારા જેવો કોઈ બેહયા અને બેશરમ કૂતરાને નથી જોયો કે, જેને મેં બેવે સદકાની રોટલી આપી દીધી તો પણ તે ભુંકી રહ્યો છે અને મારા કપડા ફાડીને મારો જ સામનો કરે છે.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

*(પેજ નં. ૨નું બાકી)* ***અલ્લાહતઆલા વાસ્તે હક્કની .....***

તે વક્ત અલ્લાહતઆલાએ કૂતરાને ઝબાન આપી. તે બોલો કે, મેં બેશરમ નથી. તું જુએ છે કે, હું આ નસરાનીના ઘરમાં જ તરબીયત પાયો છું, એના ઢોર-ઢાંકરની રખેવાલી કરૂં છું, એની ગૈરહાઝરીમાં ઘરની હિફાઝત કરૂં છું, અને એના બદલામાં જે વધેલું જમન અને હાડકાઓને તે નસરાની ફેંકે છે, તેને જમીને કનાઅત-સબર કરૂં છું, યહાં તક કે હું કમ્ઝોર થઇ ગયો છું. આ મારી ખિદમતમાં ઘણા મૌકા પર તે મને જમન આપતા ભૂલી ગયો છે પણ મેં હર્ફે શિકાયત નથી કહ્યો, ન કે તેને ઈઝા આપી છે યા પરૈશાન કીધો છે. બાઝ વક્તમાં તો નસરાની પાસે કોઈ જમવાની ચીઝ હોતી નથી કે, મને આપે અને આમ ભૂખમરામાં દિનો ગુઝરી જાય છે. **તો પણ મેં મારી વફાદારી અને ઝિમ્મેદારી ભૂલો નથી અને મારી કોઇ ખિદમતમાં કમી કરી નથી.** તેનું ઘર છોડીને બીજાની દેહલીઝ પર જઈ ભોકીને માંગતો ફિરૂં યા બીજાનો મોહતાજ થઈ જાઉં યા એક બે વક્ત કોઈ બીજો મને આપી દે તો એના ગુનગાન ગાવા લાગું, એ મારી આદત નથી. મારી ખસલત તો એ છે કે, જે વક્ત ખુદાતઆલા મને આપે તો તે નેઅમત પર શુક્રિયો અદા કરૂં અને ન મીલે તો સબર કરૂં. તારામાં તો ઝર્રા બરાબર મુરૂવત નથી. એક રાતે તુંને રોટલી મયસ્સર ન થઈ તો તું અલ્લાહની તૌહીદની ઈબાદતના સરમાયાને મૂકીને એક નસરાનીના દર પર ભીખ માંગવા નીકલી પડો અને ગૈરનો દરવાઝો ખટખટાવો. વાહ રે તારી બેશરમી ! શાબાશી છે તારી નાદાનીને ! ખોખલી છે તારી વરસોની ઈબાદતની બુનિયાદ ! હવે ઈન્સાફ તું જ કર કે, ખરેખર બેશરમ કોણ છે ? તું કે હું ? તે આબિદે કૂતરાના આ કલામ સાંભલા, **તો પોતાના માથાને કૂટવા લાગો અને બેહોશ થઇને ઝમીન પર પડી ગયો.**

**હક્ક અને નેઅમતો નો રસ્તો :**

મુમેનીનને આ કિસ્સામાં દાઅવતે ફિક્ર આપવામાં આવે છે. જેઓ અકીદામાં અને અમલમાં મુખ્લિસ છે તે ઝરૂર સોચશે કે, અઈમ્મતે કિરામ અને દોઆતે એઝામ (આ.કુ.) ના દામને મોહબ્બત અને વલાયતથી વિલગનાર લોગો હકીકી નેઅમતના દાએરામાં છે અને તેમાંથી તરહ તરહના મુફીદ જમનો જમી રહ્યા છે. **આ દાઅવતે હક્કનો દાએરો જ નજાત અને ફૌઝો ફલાહનો દાએરો છે.** જે આ રાહ પરથી નીકલો તે ભટકાયો અને જન્નતની રાહથી નીચે પટકાયો. બીજાના મકાનની દેહલીઝ સોના-રૂપાની હોય યા કે તેનું મકાન હીરા-જવાહેરાતથી મોઝય્યન હોય, હમને કોઈ કામનું નથી. હમારો મકસદ તો હક્ક તરફ જ હોવો જોઈએ અને રહેવો જોઈએ. મોહર્રમના ૮-૯ દિન વાસ્તે દાઅવતે હક્કની નસીહત અને હિદાયતનાં દાએરાને છોડીને તાગૂત અને દુશ્મનાને દીને અઈમ્મતે તાહેરીનના દાએરાને ઈખ્તેયાર કરવો, દોઆતે કિરામની હબ્લ-રસ્સી છોડીને આરઝી તૌર પર કમઝોર રસ્સીનો સહારો લઈને ઉપર ચઢવું કે જે અપની મંઝિલે મકસૂદ નથી તે સરીહન એક હિમાકત છે, **બલ્કે બેવફાઇ છે.** તે લોગો જે હક્કનાં દીનનાં રેહનુમાઓના નાઈબ મનાબના હઝીરએ ઈમાનો વલાયતને તર્ક કરે તો શું તેઓની નજાત મુમ્કિન છે?

તેઓ તો જન્નતરૂપી દાઅવતનો દાએરો મૂકીને ખુસરાને મુબીનમાં ગર્ક થાવા જાય છે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના પાક દામનને વિલગવાથી જ જન્નત છે, એના નાઈબના દીદાર અને નસીહતને સાંભલવામાં જ જન્નત છે, **એની મેહફિલ અને મજલિસ જ ગુલશને ફિરદૌસ છે.** એના એવઝમાં દુનિયાની કરોડો રૂપિયાની કોઈ લાલચ આપી દે, ઝર-જવાહેરાત, દુર-યાકૂત, ઘરબાર-દરબાર, બંગલા-ગાડી, ઝૈબો ઝીનતનો દિલફરૈબ સામાન અને માલો મતાઅ જો કદમમાં મૂકી દે તો શું તેને ખાતિર અપના મૌલાનાનું અને આકાનું દામન પલભરના ફાયદા વાસ્તે બલકે પલભરની સોહબત વાસ્તે છોડી ઈમાનના નુકસાન કરવા પર તૈયાર થઈ જવાય ? મુમેનીન પર હુઝૂરેઆલીને ફખર છે. વલાયતની તહારત અને ઝકાવત-પાકી પર નાઝ છે. **મોહબ્બત પર એઅતેમાદ છે.** આ હક્કની દાઅવતનાં ફરઝંદો સિરાતે મુસ્તકીમને કદી નહીં મૂકે. ખમ્સતુલ અત્હાર અને અઈમ્મતે તાહેરીનના દામનને કદી નહીં છોડે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) આ દાઅવતના નિગેહબાન-તાઈદ બખ્શનાર છે. શરીઅત હમારી મુહાફિઝ છે. અલ્લાહતઆલા જ આ દાઅવતે હક્કને ચલાવનાર છે અને આ ઈલાહી દાઅવત જ મુમેનીનને આ દુનિયા માંથી છોડાવી કુદસના કાંઠે લઈ જાનાર છે. અલ્લાહતઆલા આ દાઅવતે અલવીયાહને સલામત, સર સબ્ઝ અને શાદાબ રાખે. આમીન...

**તમારા ભાઈની હરએક ઝરૂરીયાતને પૂરી કરવી તે બાતિની ઝકાત છે.**

## -::: અમાનવાલા ગામડા :::-

પાઁચમા ઈમામે આલે મોહંમદ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના દૌરે ઈમામતમાં મદીના શહેરમાં કલબી નામના એક શખ્સ કુરઆનની માઅના અને તફસીર કરતા હતા. આપ ઈમામને આ બાબત ખબર પહોંચી અને એ શખ્સ કઈ તરહ કુરઆની અલ્ફાઝના ગલત માઅના-મતલબ લોગોમાં કહી રહ્યો છે, લાઈલ્મ-બેખબર લોગોને ગુમ્રાહ કરી રહ્યો છે તેની આપને માઅલૂમાત થઈ. આપે આપના ખુસૂસી સાહબો સાથે એને દાઅવત આપી અને એને સવાલ કીધો કે, મેં સાંભલું છે કે, તમેં કુરઆને કરીમની તફસીર કરો છો ? જવાબ આપો કે, હાઁ, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ. આપ ઈમામે ફરમાવું કે, કુરઆને કરીમમાં ઈરશાદે રબ્બાની છે કે, “વ જઅલ્ના બૈનલ કોરા...... આમેનીન” (સૂરતુસ્સબા), યાઅની, **“અને કીધા હમેં તે લોગોના દરમિયાન અને તે ગામડાઓના દરમિયાન ખુલ્લા ગામડાઓ કે જયાં હમેં બરકત મુકી અને હમેં મુકદ્દર કીધી, મુકર્રર કીધી તેમાં સૈર કરવાને, ચાલવાને.”** તમેં આ આયત જાણો છો અને તેમાં **“કોરા”** ના લફઝથી તમને શું સમઝમાં આવે છે ?

કલબીએ કહ્યું કે, અય ફરઝંદે રસૂલુલ્લાહ, **“કોરા”** નો લફઝ આ આયતમાં જે ઈસ્તેમાલ થયો છે, તેનાથી મુરાદ મક્કા અને મદીનાના દરમિયાન જે ગામડાઓ છે તેની છે. ઈમામે પોતાના અસ્હાબમાંથી એકને બોલાવા અને ફરમાવું કે, **તમેં મદીનાની ગલીઓમાં જાવ અને ફલાઁ-ફલાઁ શખ્સોને બોલાવી લાવો.** આપે કેટલાકના નામો પુકારા અને તેઓને બોલાવા. તે સઘલા ઈમામ આલી મકામને નઝદીક હાઝિર થયા અને આપે પૂછું કે, મક્કા અને મદીનાના દરમિયાન ફલાઁ-ફલાઁ ગામડાઓ છે તેમાં તમેં ગયેલા છો ? કેટલાકે કહ્યું કે, હમેં સફર દરમિયાન ત્યાંથી ગુઝરા હતા તો કેટલાકે કહ્યું કે, હમેં ત્યાં થોડા વકત વાસ્તે રહ્યા હતા. ઈમામે કહ્યું કે, ત્યાં તમારા ઉપર શું શું મુસીબતો ગુઝરી છે ? સઘલા અપની-અપની મુસીબતોની ઝિક્ર કરવા લાગા, તકલીફોની વાત કરવા લાગા અને બતાવું કે, તે ગામડાઓ એવા છે કે ત્યાં મુસાફિરો-રાહગીરો વાસ્તે કોઈ તરહનું અમાન નથી. જાન-માલની સલામતી નથી. પછી ઈમામે હક્કે ફરમાવું કે, અય કલબી, તમેં કયા ગામડાઓની વાત કરો છો ? કહાઁ છે મુસાફિરો વાસ્તે અમાન ? મુસાફિરો રાત અને દિનમાં અમાન વાસ્તે શું કરશે ? અય કલ્બી, તમેં તમારા ગુમાન, તમારી ફિકર અને તમારી હવાનફસી-મનફાવતી વાતોથી કુરઆને કરીમની પાકીઝા આયતોમાં તમારી બેમાઅના વાતોને મિલાવીને તફસીર ન કરો, તમેં તેને લાયક નથી, તેના અહલ પણ નથી !

શાયદ કે, કલબી અને એના જેવા ગુમ્રાહીનો લિબાસ પહેરીને ખુદને કુરઆને કરીમના મુફસ્સિર કહેનારને નેક તૌફીક મિલતી તો કુરઆનના અહલ-આલે મોહંમદ (સ.અ.) થી કુરઆનની તાઅલીમને લેતા, તેના માઅનાને શીખતા અને જાણતા કે, **આ મુબારક “કોરા” - ગામડાઓથી મુરાદ અઇમ્મતે હક્ક - પાક ઇમામોની છે.** આપ ઈમામે ફરમાવું કે, “આ બાબરકત ગામડાઓના દરમિયાનવાલા જે ખુલ્લા ઝાહિર ગામડા છે, તેનાથી મુરાદ ઈમામના દાઈઓ, હુજ્જતો, માઝૂનીન અને હુદૂદની છે. દાઅવતે હક્કના આ દરજાઓના દરમિયાન મુમેનીન વાસ્તે રૂહાની સફર રાત અને દિનમાં થાય છે, યાઅની ઈમામે હક્કના સતરના ઝમાનમાં યા ઝુહૂરના ઝમાનમાં દાઅવતના લોગો રૂહાની સૈર કરતા રહે છે. આ સૈર-સફરની આખિરી મંઝિલ આલમે કુદસમાં મુમેનીન પહોંચી જાય છે. મલકૂતની સૈર, ફરિશ્તાઈ બલંદી યા રૂહાની સફર ઈબ્રાહીમી, મોહંમદી અને હુસૈની દાઅવતથી આજે અહલે ઈમાનને મયસ્સર છે.” **ઇમામે હક્કની તાઇદથી આજે હમેં અહલે ઇમાન કુરઆને કરીમની હકીકત જાણી શકીએ છીએ.**

સૈયેદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) એ શરીઅત અને કુરઆનના મુહાફિઝ બનીને જે તરીકાથી જાઁફિશાની કીધી, અહલો અયાલની કુરબાની આપી તેની હકીકત **એક ખુલ્લી કિતાબ મુજબ છે.** સિલસિલએ

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**જયાં હદ કરતા માલ વધારે જમા થાશે તે હરામનો હશે.**

## -::: માઁ-સાહેબા નૂર બીબી અને બહેન સાહેબા ફાતેમા બીબી (રિ.અ.) :::-

**ઉર્સ મુબારક : ૨૩ મોહર્રમ**

૨૪ માં દાઈએ મુત્લક સૈ.યૂસુફ નજમુદ્દીન બિન સુલૈમાન સાહબ (આ.કુ.) અને આપના માઁ સાહેબા નૂર બીબી (રિ.અ.) ની પુરનસીહત દાસ્તાને ખિદમત દાઅવતે શરીફાહના અખ્બારના કિતાબોમાં રકમ કરવામાં આવી છે. આપ મૌલાને **ખિદમતે દાઅવતનો જઝબો અને ઇખ્લાસનું જૌહર** આપના માઁ સાહબા તરફથી હાસિલ થયું હતું. આપ દાઈએ મુત્લકના દરજા પર ફાઇઝ હતા, દાઅવતના ધણી હતા, ઈલ્મો ઈરફાનમાં તમામ કરતા આલી હતા, પણ આપ હરરોઝ ફજરની નમાઝ બાદ આપના માઁ-સાહેબાની કદમબોસી વાસ્તે પધારતા હતા, તાઅઝીમ કરતા હતા. આપના આ અમલ પર આપના માઁ કહેતા કે, "અય યુસૂફ, આપ તો મુમેનીનના મૌલા છો, મારા દાઈ છો, મને એ ઝૈબ નથી આપતું કે, **આપ આ તરહ મારો ઇકરામ કરો.**" આપ મૌલા કહેતા કે, માઁ સાહેબા, મને એક ફરઝંદ તરીકેનો હક્ક એક માઁ વાસ્તે અદા કરવા દો, આ મારો અમલ આપની તાઅલીમો તરબીયતનો નતીજો છે. આપનો ઈકરામ કરવા બગૈર આ યૂસુફના દિલને સુકૂન નહીં મિલે.

કોઈ વક્ત આ મુજબ માઁ અને ફરઝંદના દરમિયાન કલામ થાતા તો આપ મૌલા માઁનો હુકમ માનીને તાઅઝીમના ખાતિર માઁની તબીઅત પૂછીને મિઝાજ-પુરસી કરીને ચાલા જાતા. આ મુજબ કોઈ વક્ત માઁ ની કદમબોસી રહી જાતી તો માઁ સાહેબા જે વક્ત મસલ્લા પર નમાઝ વાસ્તે બેસેલા હોય અને નમાઝ પઢતા હોય તે વક્ત આપ મૌલા પાછલથી માઁ સાહેબાની કદમબોસી કરી **એક ફરઝંદનો હક્ક અદા કરી લેતા હતા.** માઁ સાહેબા નૂરબીબી સિધ્ધપુર માં રહેતા હતા. આપ આલેમાહ-ફાઝેલાહ હતા, તે સાથે દાઅવતે શરીફાહના તરીકા પર મુમેનાતને ઈલ્મ પઢાવતા હતા. આ તરહની ફઝલો ઈઝઝતને સાથે મુમેનીનમાં આપનો ખાનદાની શરફ ઘણો જ બલંદ હતો.

અખ્બારમાં છે કે, આપ મૌલાના માઁ સાહેબા નૂરબીબી અને બહેન સાહેબા ફાતેમા બીબી હજ્જે બયતુલ્લાહથી ફારિગ થઈને દરિયાઈ સફર કરતા કરતા કિશ્તીમાં જે વક્ત વતન તરફ પધારતા હતા તો તૂફાની દરિયાના સબબ ખંભાતની ખાડીમાં તે કિશ્તી ભાંગી પડી. **કિશ્તીમાં સવાર તમામ મુસાફિરો દરિયામાં ડૂબી ગયા અને અલ્લાહને પ્યારા થઇ ગયા.** નૂરબીબી અને ફાતેમાબીબી બેવે આ ગમખ્વાર હાદેસાના શિકાર બના અને જે વક્ત તૂફાન થમી ગયું તો બેવેના લાશા કિશ્તીના તૂટેલા એક પાટીયાના ટુકડા પર નવસારીને નઝદીક દાંડીના કિનારા પર તણાઈ આવા. ત્યાંના માછીમારોએ ઘણી કોશિશ કીધી કે, તે પાટીયાને બહાર કાઢે મગર જે વક્ત માછીમારો દરિયામાં તે પાટીયાને કાઢવા જાય કે તરત દરિયાનું પાની તેને દરિયામાં પાછું ખેંચી લે. આ વાતની ચર્ચા એટલી તો ફેલાઈ કે, સૂરતથી મુમેનીનની એક જમાઅત દાંડીના દરિયા કિનારા પર આવી અને તેઓએ દૂર પાનીમાં એક પાટીયું જોયું. માછીમારોએ બધી જ હકીકત કહી બતાવી અને બોલા કે, તમારી જ કૌમના કોઈ બૈરાઓ લાગે છે. **પંજતને પાક (અ.સ.) નો વસીલો લઇને તે પાટીયા પરની લાશોને કાઢવા મુમેનીન દરિયામાં કૂદી પડા.** દરિયામાં જાણે પાટીયું તેઓના નઝદીક આવતું હોય, જલ્દીથી મુમેનીને લાશા પર ચાદર નાંખી પાટીયાને કિનારા પર ખેંચી લાવા.

તે લાશાઓની શનાખ્ત કરવા મુમેનીનમાં તફતીશ થઇ અને મુમેનીનને યકીન થયું કે, તે મુમેનાહમાંથી એક સૈ.યૂસુફ ના માઁ સાહેબા નૂરબીબી છે અને બીજા આપના બહેન ફાતેમા બીબી છે. તે જ જગા પર બેવે લાશાઓને દફન કરવામાં આવા અને તે ૨૩ મી મોહર્રમનો દિન હતો. આ બેવે પરહેઝગાર ખાતૂનના મઝાર માઁઈ સાહેબથી મશ્હૂર થયા. આજે સેંકડો મુમેનીન આપની ઝિયારતથી બરકત હાસિલ કરવા અને મિન્નતો ઉતારવા આ બાબરકત મૌઝેઅ પર જાય છે. અલ્લાહતઆલા આ બેવે સાહેબાતના તુફૈલથી મુમેનીનને ઈલ્મો અમલમાં કામિલ કરે. □

**દીનના અકીદાઓ ઈન્સાનને બાંધતા નથી પણ એની હિફાઝત કરે છે.**

*(પેજ નં. ૪નું બાકી)* ***અમાનવાલા ગામડા.....***

ઈમામતમાં આપના ભાઈ ઈમામ હસન અલ-મસ્મૂમ (અ.સ.) બાદ આપ આકાનો કિરદાર, ઝાહિરી કુરઆની તાઅલીમાત અને બાતિની ઈમાની ઈબાદતોની હિફાઝત કરવાનો હતો. આપ મૌલાની શહાદતે જલીલાહના અય્યામ મુમેનીનને આ કિરદારે અઝીમની યાદ અપાવે છે. ફિત્નાપરસ્ત અને દુનિયાપરસ્ત યઝીદી ખેલબાઝોની કુરઆનની માઅનામાં અને શરીઅતના હલાલ-હરામમાં તબ્દીલી કરવાની નાપાક કોશિશની કમર તોડવા **આપ મૌલાની કુરબાની આજે પણ કાફી છે, કારગર છે.** દાઅવતે હુસૈનીયાહના મરકઝથી સાહેબે દાઅવત આપ મૌલાની સિદકો વફા, સચ્ચાઈ અને સબરનો હર તે સબક અને દરસની રોશનીથી મુમેનીનના દિલો મુનવ્વર કરે છે, જેના સબબ જ આ હુસૈની ચમન આપ મૌલાના ગમના આઁસૂઓની બરકતથી હર વક્ત સરસબ્ઝ અને તાઝા રહે છે. આપ મૌલા તે **"કોરા"** છે જેમાં આપના અઝાદારો અને ગમખ્વારો વાસ્તે અમાન છે. આપ મૌલાના વસીલાથી **દસ દિન - અશરા મુબારેકાની આ સફર હર મુમિન વાસ્તે રૂહાની તરક્કી અને નફસાની પાકી** હાસિલ કરવાનો, દિલી શિફા અને જિસ્માની સેહતને પરામવાનો એક બેમિસાલ ઝરીઓ છે. અલ્લાહતઆલા આ **હુસૈની "કોરા"** પર હર અલવી મુમિનની મંઝિલ કરાવે અને એના રૂહાની સફરને બાબરકત બનાવે. □

## –::: Weeping – રોવું :::–

ઈન્સાન જે મુજબ આંસુ જારી કરીને રોઈ છે, તે એની ખુસૂસીયત (peculiarity) છે. દુનિયાની બીજી કોઈ મખ્લૂક (creation) માં આ મુજબની ખાસીયત નથી. આજનું science રોવાના process ને એટલી હદ તક સમઝી નથી શકું કે, જઝબાત (emotion) કઈ તરહ રોવાનું શરૂ કરાવે છે. મગર એક ચીઝ સાબિત છે કે, ઈન્સાન જે વક્ત રોઈ છે તો એનું દિલ અને જિસ્મ હલકું થઈ જાય છે. જે મુજબ life માં happiness અને positivity હોવી ઝરૂરી છે એ જ મુજબ sorrow અને negativity નું હોવું છે - તો જ life માં balance રહે છે. રોવું તે mind માં જમા થયેલા તમામ negative forces નો નિકાલ છે યા કોઈ સબબથી ઈન્સાનનું દિલ ભરાઈ આવે તો આંખોમાંથી આંસુ જારી થઈ જાય છે.

ઈન્સાનની આંખોમાંથી નિકલતા આંસુ ત્રણ તરહના હોય છે :

(૧) Basal tears : જેનું કામ આંખોને સાફ કરવાનું અને તેને ભીગી રાખવાનું છે. જો આ Basal tears ન બને તો આંખો સુકાઈ જાય અને જોવાનું દુશ્વાર થઈ જાય.

(૨) Reflex tears : આ આંસુ તે વક્ત નિકલે છે જે વક્ત આંખમાં કોઈ ચીઝ (કચરો, જીવાણું વગૈરા) ચાલું જાય. આ આંસુનું કામ આંખમાં પડેલી ચીઝને ધોઈ નાખવાનું છે.

(૩) Real tears : આ તરહના આંસુ હકીકી (real) આંસુ છે, જે રોવામાં આંખોમાંથી નિકલે છે. આ આંસુ ફક્ત પાની હોતા નથી, જેમ ઉપરના બે તરહના આંસુ હોય છે. મગર scientists એ આ આંસુ નું examination કીધું છે અને એમ બાહર આવું છે કે, આ આંસુ માં stress hormones હોય છે અને આ આંસુ બનાવવા વાસ્તે આંસુની ગ્રંથીઓને મશક્કત કરીને actively કામ કરવું પડે છે. આ આંસુ બનાવવાની શુરૂઆત brain થી શુરૂ થાય છે.

આનાથી સાબિત થાય છે કે, જે વક્ત પણ ઈન્સાન કોઈ સબબથી રોઈ છે તો એના જિસ્મમાં જમા થયેલા stress hormones એના આંસુના ઝરીએ નિકલી જાય છે, યાઅની રોવાથી એને હલકું મહેસૂસ થાય છે અને ઘભરાહટથી રાહત મિલે છે. રોવાના વાસ્તે કોઈ સબબ હોવો ઝરૂરી છે. આ સબબ કોઈ emotion હોય શકે યા કોઈ હાદસો હોય શકે યા તસવ્વુર (imagination) પણ હોય શકે.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**શરાફત, શરીફ બનવામાં નથી પણ બદ ચીઝને બદ કહેવામાં છે.**

## -::: ગુલ્શને ફિક્હ : શરીઅતમાં હલાલો હરામ :::-

### અઝાન અને ઇકામતની ઝિક્ર

□ મૌલાના અલી અમીરૂલ મુમેનીન બિન મૌ.અબી તાલિબ (અ.સ.) થી રિવાયત છે કે, આપને સવાલ થયો કે, લોગો અઝાનના મુતઅલ્લિક એમ કહે છે કે, અઝાનનો સબબ એ બનો કે, અબ્દુલ્લાહ બિન ઝૈદ અલ-અન્સારીએ એક ખ્વાબ જોયો અને તેની ખબર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કીધી, તો તેના પરથી આપ નબી સાહબે અઝાનનો હુકમ કીધો. આ સિલસિલામાં ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે, અય લોગો ! અજબ છે કે તમારા નબી પર વહ્ય ઉતરતી હતી અને તે સાથ તમે એમ ગુમાન કરો છો કે, આપે અબ્દુલ્લાહ બિન ઝૈદથી અઝાનને લીધી ! જે દીન તમારા વાસ્તે તમારા નબી લઈને આવા તે દીનનું મુઁહ તો અઝાન છે. શું જે દીન નબી લઈને આવે તે અઝાન ન લાવી શકે ? શું અઝાન વાસ્તે આપ બીજાના મોહતાજ થાય ? આપ ઈમામ (અ.સ.) ઘણા ગઝબનાક થયા અને ફરમાવું કે, મેં મારા બાવાજી મો.અલી (અ.સ.) ને કહેતા સાંભલા છે કે, અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે એક ફરિશ્તાને ઉતારા જે આપ નબીને આસ્માનના તરફ લઈ ગયા. તે પછી મૌ.અલીએ લંબાણ થી કિસ્સએ મેઅરાજ બયાન ફરમાવો જેમાં આપે તે ફરિશ્તાની ઝિક્ર કીધી કે, આસ્માનમાં એવા ફરિશ્તા ન પહેલા દેખાયા હતા, ન પછી કોઈ વાર દેખાશે. **અલ્લાહના હુકમથી આ ફરિશ્તા બે-બે મરતબા અઝાન અને ઇકામત કહી રહ્યા હતા જે આપ નબીએ સાંભલી.** પછી મૌ.અલીએ અઝાન-ઈકામતની કૈફીયત બયાન કીધી અને ફરમાવું કે, જિબ્રઈલ (અ.સ.) એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કહ્યું કે, અય મોહંમદ ! આ મુજબ આપ નમાઝ વાસ્તે અઝાન દેતા રહો.

□ મૌ. ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં અઝાન **"હય્યા અલા ખૈરિલ અમલ"** ના સાથે કહેવામાં આવતી હતી. આપના ઈન્તેકાલ બાદ અવ્વલના ઝમાનમાં અને સાનીના ઝમાનના શુરૂમાં પણ એ જ મુજબ અઝાન દેવામાં આવતી હતી. તે બાદ સાનીએ અઝાન અને ઈકામત માંથી આ જુમ્લો કાઢી નાંખવાનો હુકમ કીધો. આ વાસ્તે એને પૂછવામાં આવું, તો જવાબ દીધો કે જે વક્ત લોગો એમ સાંભલે કે, નમાઝ ખૈરૂલ અમલ છે, તો લોગો જેહાદની તૌહીન કરી લે અને જંગ દૌરાન નમાઝનો વક્ત થાય તો નમાઝ પઢવાને વાસ્તે જેહાદ કરવાથી પોતાની ઝાતને રોકી લે. આમ પીછેહઠ કરવાના લીધે દુશ્મનોને હમ્લાનો મૌકો મિલી જાય.

□ આ હુજ્જતને રદ કરવા વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે આ કૌલ કાફી છે કે, જેમાં કુરઆને કરીમમાં આયત છે કે, જે કંઈ રસૂલ તમને આપે તે લઈ લો અને જેનાથી રોકે તેનાથી રૂકી જાવ, દૂર રહો. (૫૯-૭). બીજી એક આયતમાં છે કે, રસૂલના હુકમથી ખિલાફ જાનારાઓને આ વાતથી ડરતા રહેવું જોઈએ કે, એના ઉપર મુસીબત આવશે યા એને દર્દનાક અઝાબ પહોંચશે. (૨૪-૬૩). હજી કુરઆને કરીમમાં છે કે, કોઈ મુમિન મરદ યા મુમિનાહ બૈરોના ખુદના ઈખ્તિયારમાં નથી, જે વક્ત અલ્લાહ અને અલ્લાહના રસૂલ ફેસલો આપે. જે શખ્સ અલ્લાહ અને એના રસૂલનો નાફરમાન થાશે, આસી થાશે તો એ શખ્સ ખુલ્લી ગુમ્રાહીમાં પડશે. (૩૩-૩૬). રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **તમેં રસૂલને તાબેઅ થાવ, બિદઅત ન કરો સબબ કે હર બિદઅત ગુમ્રાહી છે અને હર ગુમ્રાહીનું ઠેકાણું આગ છે, જહન્નમ છે.** શું લોગોમાંથી એવો શખ્સ હોય જે અલ્લાહના ફરમાન પર પોતાની વાતને વધારે સાચી માને યા રસૂલના અકલો અમલ કરતા પણ એ વધારે તેઝ હોય ! અલ્લાહતઆલાએ પોતાની કિતાબમાં નમાઝ અને જેહાદ પર ઘણી રગબત બતાવી છે અને ઘણા ઘણા ભલાઈના કામો વાસ્તે હોંશ પણ બતાવો છે. આમ ઘણા આઅમાલ અને ફરઝો નાઝિલ થયા અને અલ્લાહતઆલાએ તેમાંથી ચંદ ચીઝોને ચંદ ચીઝો પર રગબત આપી, ફઝીલત આપી. આ ફરઝો એવા છે કે, ઉમ્મતમાંથી કોઈને પણ અલ્લાહતઆલાએ એ ઈખ્તિયાર નથી આપો કે, તેમાં ફેરબદલ કરી શકે, તેની એહમીયત અને ફઝીલતને વધારી યા ઘટાડી શકે.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**રાત બનતી નથી પણ સૂરજના હોવાથી રોશની બને છે.**

*(પેજ નં. ૬નું બાકી)*

***Weeping - રોવું .....***

Scientifically અગર અપને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના ગમમાં રોવા પર નઝર કરીએ તો એ ચીઝ સાબિત થાય છે કે, અપના વાસ્તે કરબલાનો વાકેઓ રોવાનો એક આઅલા સબબ છે. આ વાકેઆમાં એવું દર્દ, મુસીબત અને ગમ છે કે, કોઇ પણ વકત એનો તસવ્વુર કરીએ તો રોવું આવી જાય છે. જાણે કે, અપના બાવાજી યા ઘરના કોઇ ફર્દ હોય. પણ હકીકત એ જ છે કે, રૂહાની રિશ્તાથી ઈમામે મઝલૂમ હર મુમિનના બાવાજી છે, ઈમામ છે, નજાત અપાવનાર છે. **આ મુજબ કોઇ એક ચીઝની હકીકતને તસવ્વુર કરીને રોવાથી અપને** physically **અને** mentally stress free **થઇ જઇએ છીએ.** Psychologically, મૌ.ઈમામ હુસૈન (અ.સ.) અને કરબલાના વાકેઆમાં એ હદ તક દર્દ અને ગમ છે કે, કોઈની ઝિંદગીમાં આ મુજબનો વાકેઓ બની ન શકે. તો જે વકત અપની ઝિંદગીમાં કોઈ દુ:ખ યા ગમ યા તકલીફ આવે છે તો અપને કરબલા અને તમામ શોહદાઓ અને બીબીઓના ગમનો તસવ્વુર કરી લઈએ છીએ કે, જેનાથી અપના ગમ અને તકલીફ પર અપને સબ્ર આવી જાય છે. અપને એવો એહસાસ થાય છે કે, કરબલાના ગમની સામે અપનો ગમ તો કંઈજ નથી. Life **ની કોઇ પણ તકલીફમાં આ મુજબનો સબ્ર આવવો ઘણો ઝરૂરી છે.** જો અગર life ની તકલીફો થી અપને બાહર નથી નિકલી શકતા તો depression નો શિકાર થઈ જઈએ છીએ.

આ તમામ હકીકતોથી સાબિત થાય છે કે, મૌ.ઈમામ હુસૈન (અ.સ.) પર રોવું અપને physically, mentally, psychologically અને હર તરફથી શિફા અને સેહત બખ્શે છે. અપને ઘણા કિસ્મતવાલા કીધા છે અલ્લાહતઆલાએ કે, અપને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) નો ગમ આપો કે, તેમાં રોવામાં તો સવાબ છે જ પણ તેમાં એવી બરકત અને તાસીર આપી કે, દુનિયાની હર મુસીબત પર અપને સબ્ર અપાવી દે છે અને ગમે હુસૈનીની તાસીર હમેશાને વાસ્તે બાકી રહેનારી છે.

**કલીનીક ટાઇમ :**

- **આરામ કલીનિક, આજવા રોડ** : બુધવાર અને રવિવાર : સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦
  જુમોઆ : સાંજે ૫ થી ૮
- **ધર્મજવાલા ફીઝીયો થેરાપી સેન્ટર, જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧
- **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫ થી ૮ □

*(પેજ નં. ૭નું બાકી)*

***ગુલ્શને ફિકહ.....***

□ નમાઝના ફરીઝતને વાસ્તે જેમાં અલ્લાહતઆલાએ બંદા ઉપર દિન-રાતમાં કોઇ પણ હાલતમાં તેને ન મુકવાનું ફરમાવું છે, જે તમામ આઅમાલ કરતા ભારી અમલ છે અને જેના સિવાય કોઇ અમલ કુબૂલ થાનાર નથી, તેના પર જો કોઇ જેહાદને ફઝીલત બખ્શે અને તેના વાસ્તે અઝાનમાં તબ્દીલી કરે તો તેના કરતા કોઇ બીજો જાહિલ અને ફિત્નાખોર નથી. નમાઝના જે ફરઝને અલ્લાહતઆલાએ અદા કરવા વાસ્તે ખાસ તાકીદ કીધી હોય તેને પોતાની અકલની કમ્ઝોરીના સબબ કોઇ કઇ તરહ મિટાવી શકે ! જેહાદને મુકી દેવાના ડરથી જો સાનીએ અઝાનમાંથી નમાઝનો ખૈરૂલ અમલનો લફ્ઝ મિટાવો હોય તો આ જ ચીઝની બીજા ફરમાનો અને ફરઝોમાં પણ ગુંજાઇશ છે, કોઇ પણ મનફાવતી તબ્દીલી કરી લે. જાહિલોની આ જ તરહની કૈફીયત હોય છે કે, **તેઓને ફરમાન કંઇ થાય અને અમલ કંઇ કરે.** પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે લોગોને શરીઅતનું ઇલ્મ નથી, તે જાહિલો જો વાતને કુબૂલ કરવાની સુલાહીયત રાખતા હોય તો ઝરૂર તેમને હક્ક કહો. જો તેઓ ન માને તો તેમને તેમના હાલ પર છોડી દો અને ફક્ત દૂરથી સલામનો રિશ્તો રાખો.


શરીઅતમાં ફેરબદલ કરનાર જાહિલોથી અલ્લાહતઆલા હક્કના મુમેનીનને દૂર રાખે અને ઇલ્મી જેહાદથી મુમેનીનને હક્કની રાહ પર સાબિત કદમ રાખે. □

**મહેમાન વાસ્તે રિઝક બનતું નથી પણ તે ખુદ લઈને આવે છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....





**ઊભી તરકીબ :**

(૧) ઈમામ હુસૈન (અ.સ.) પર ------ અને આહોઝારી કરવી ઘણો મોટો સવાબ છે. (૨)
(૨) કોઈ તમારાથી ------ હોય તો જલ્દીથી મઆફી-તલાફી કરી લેજો. (૩)
(૩) આ ઝમાનામાં કોઈ ચીઝ ------ મિલતી નથી. (૩)
(૭) ઝબાન અને ------ નો ખૈર ઈસ્તેમાલ ઈન્સાને ઈલ્મી દરજા ચઢાવે છે. (૨)

**આડી તરકીબ :**

(૨) કામિલ મુમિન પર શયતાનના હર હમ્લા ------ થાય છે. (૩)
(૪) રાતમાં જેમ ----- ચમકે છે તેમ આ કાલી દુનિયામાં ઈમાનના સબબ ઈમાનદારો ચમકે છે. (૨)
(૫) સબરનું ------ મોડું પણ મીઠું હોય છે. (૨)
(૬) નમાઝ સાથે અલ્લાહતઆલાએ જે ચીઝ ફરઝ કીધી છે તે ----- છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




## -::: મોહબ્બત નમાઝ કી :::-

કહેતી થી લાઝવાલ મોહબ્બત નમાઝ કી,
ગરદન પે તૈગ ફિર ભી હિફાઝત નમાઝ કી.
ઈત્ના નિખારા અપને લહૂ સે હુસૈન ને,
કિરદાર-સાઝ બન ગઈ સૂરત નમાઝ કી.
કિસ મૂઁહ સે યે કહેંગે ભલા આશિકે હુસૈન,
યા રબ હમેં મિલી નહીં ફુરસત નમાઝ કી.
તપતી ઝમીં પે આજ ભી સજદે મેં હૈ હુસૈન,
ઝિંદા સદા રહેગી હિદાયત નમાઝ કી.
સજદે મેં સર કો રખને સે પહેલે યે સોચ લો,
હુબ્બે અલી હે પહેલી ઝરૂરત નમાઝ કી.
પુશ્તે નબી પે આયે તો સજદે ઠહેર ગયે,
શબ્બીરને બઢાઈ હે ઝીનત નમાઝ કી.
સર તનસે કબ જૂદા હુવા ઈસકી ખબર નહીં,
ઈબ્ને અલી સે પૂછીયે લઝ્ઝત નમાઝ કી.
ગર આપકો બચાના હે મકસદ નમાઝ કા,
બચ્ચોં મેં અપને ડાલીયે આદત નમાઝ કી. □

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **બાકરઅલી અમીરૂદીન સમલાયાવાલા**
સરનામું : વાડી, બદરી મોહલ્લા, વડોદરા.
વફાતની તારીખ : ૧૭ ઝિલહજ્જ ૧૪૩૧ / ૨૩-૧૧-૨૦૧૦.

---

નામ : **મોહિબઅલી મઝહરઅલી કોન્ટ્રાક્ટર**
સરનામું : જુહાપુરા, અહમદાબાદ
વફાતની તારીખ : ૧૧ ઝિલહજ્જ ૧૪૩૧ / ૧૭-૧૧-૨૦૧૦.
ફોન : ૦૯૮૨૫૪૧૨૬૮૧

---

નામ : **હુસૈન મઝહરઅલી કોન્ટ્રાક્ટર**
સરનામું : જુહાપુરા, અહમદાબાદ
વફાતની તારીખ : ૨૯ ઝિલકાદ ૧૪૩૧ / ૦૫-૧૧-૨૦૧૦.
ફોન : ૦૯૮૨૫૪૧૨૬૮૧

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. □

**મગરૂર શખ્સ અકલથી અપાહિજ છે.**

**દિવસ છે તો તમારા વાસ્તે હલાલ રોઝી છે, તેમ નથી. પણ હલાલ રોઝી છે તે દિન તમારો છે.**

## -:: હઝરતે નૂરાનીયાહમાં ચાદરે અકીદત ::-

**ઉર્સ મુબારક : ૨૦ મોહર્રમ - સૂરત**

પુરનૂર હે મઝારે નુરૂદ્દીં જો નૂર સે,
પરવાનેં ખિંચતેં આતે હૈં નઝદીક-દૂર સે,
સદશુક્ર ફૈઝયાબ હે સૂરત કી યે ઝમીં,
રૌશન હુઈ જહાન મેં મૌલા કે નૂર સે,
બાગે બહિશ્ત શાહ કા દરબાર દેખીયે,
દિલ કી મુરાદ પાયે હૈં ફૈઝે હુઝૂર સે.
નૂરૂલ હુદા કી દેખીયે ખિદમત કા યે સિલા,
હૂરો મલક ભી આતેં હૈં ખિદમત મેં દૂર સે.
લુત્ફો કરમ હે શાહ કા હર ખાસો આમ પર,
બિગડી હરએક બનાતેં હે અપની, હુઝૂર સે.
આબે શિફા બના હે યે રોઝા હુઝૂર કા,
લેને ઉસે ભી આતેં હૈં સબ દૂર-દૂર સે.
"અલવી" તું જા કે અપના મુકદ્દર સઁવાર લે,
જો માંગના હો માંગ લે આકર હુઝૂર સે. □

---------------

**કાતિલ રહા ન ફૌજે સિતમગાર રેહ ગઈ,**
**ઝંજીર રેહ ગઈ ન વો ઝન્કાર રેહ ગઈ,**
**બનકર હિલાલ માહે મોહર્રમ કા ચર્ખ પર,**
**તસ્વીરે તૌકે આબિદે બીમાર રેહ ગઈ.** □

---------------

**બાતિલ કી ફસ્લ કે લીએ બંજર હે કરબલા,**
**પ્યાસા અગર હે હક્ક તો સમંદર હે કરબલા.**
**કલ ભી યઝીદ ખૌફઝદા થા હુસૈન સે,**
**અબ ભી યઝીદીયોં કે લિયે ડર હે કરબલા.** □

## -:: ખૂને હુસૈન (અ.સ.) ::-

બાઈસે તન્વીરે દીને મુસ્તફા **ખૂને હુસૈન,**
આબરૂએ ઝુલ્ફિકારે મુરતઝા **ખૂને હુસૈન.**
કટ ગયા સર, કી ન લેકિન બયઅતે ઝુલ્મો સિતમ,
મૌત કો ભી દે ગયા દરસે વફા **ખૂને હુસૈન.**
સારી દુનિયા કો બતા કર માઅનીએ ઝિબ્હે અઝીમ,
નૌએ ઈન્સાની પે એહસાઁ કર ગયા **ખૂને હુસૈન.**
હુરમતે પયગમ્બરી કો સુર્ખરૂ તૂંને કિયા,
તૂંને રખલી આબરૂએ મુસ્તફા **ખૂને હુસૈન.**
બિજલીયાં ટૂટી સિતમ કી, ફટ પડે કોહે અલમ,
જાદએ હક્ક પર મગર જમ સા ગયા **ખૂને હુસૈન.**
મિટ ગયા હોતા વગરના દહેર સે નામે વફા,
અહલે હક્ક કો દે ગયા દરસે વફા **ખૂને હુસૈન.**
ઝુલ્મતે બાતિલ કે સોતે ખુશ્ક હો કર રેહ ગએ,
દીનો ઈમાઁ કા ઉજાલા બન ગયા **ખૂને હુસૈન.**
મદહે અહલે બૈત ઔર "ઝાકિર" કા યે આજિઝ બયાઁ,
કિસ કદર હે દેખીએ મોઅજિઝનુમા **ખૂને હુસૈન.** □

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત,**
**રસમ વગૈરા વાસ્તે મુમેનીન**
**" અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી**
**પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.


**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. □

-::: ઝાહેર ખબર :::-

**MAXIM REFRIGERATION**

Repairs & Services of all types of
Refrigerators, ACs & Washing machines
& Annual Maintenance.
B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road, Vadodara.
**Mashkur - 9925595229**

---

Ismat Madam's
**GENIUS PERSONAL TUITION CLASS**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146

---

**માસુમા બુટીક**
૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯.

---

**રૂબી કલેક્શન**
**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**
**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**
**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.**

-::: ઝાહેર ખબર :::-

**IMAGE ACCOUNTANCY**
Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**ZULFI TRAVELS**
Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.
**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.**

---

**ROYAL EVENTS**
Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.
**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860
C-201, Gulistan Appt., Near Taiyebi Park
Society, Ajwa Road, Vadodara-390 019.

---

**અલીફીયા સોરંગવાલા**
**મો.:** ૯૫૩૭૫૧૯૮૬૭
ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે.


**બાઝારૂં ઈલ્મ, ફૂવારા જેવું છે. તે પીવાતું નથી પણ જોવા વાસ્તે હોય છે.**

## -::: ઝાહેર ખબર :::-


### એમ. એમ. ગ્લાસ


**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા.


## -::: Shining Stars :::-



Brother **Adnanhusain Ronaqali Tinwala** has made our community proud when he met US President B H Obama with his project on "Global Warming" during his visit at Holy Name High School, Mumbai on 7/11/2010. The President was pleased to see that the young generation are so much concerned about the environment. Local as well as International Media took note of this programme and it was telecasted live on leading news channel. To see the photos please visit our website.

---



Sister **Aneesah Mazaahirali Godharawala** studying in SNDT Women's University (Mumbai) through Akshar Mahila B Ed college (Vadodara) has secured 3rd Rank in the university by getting 77% (distinction) marks in the B Ed final examination held in April 2010.

## -::: સાલગિરહ મુબારક :::-



**કુલસૂમ નૂરૂદ્દીન અને તસ્નીમ નડીયાદવાલા**



**કૌસરઅલી જૌહરઅલી અને સકીનાજરીવાલા**

૩જી મોહર્રમના દિન પ્યારી કુલસૂમને એની ૧લી સાલગિરહની અને ૭મી મોહર્રમના દિન પ્યારા કૌસરઅલીને એની ૨જી સાલગિરહની મુબારકબાદી એના માઁ-બાવાજી સાથે ઘરના બધા જ અફરાદ પૈશ કરે છે.

## -::: ઝાહેર ખબર :::-


### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩

---

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા.

---

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા.

---





**ઈન્સાનની ઝબાન ખરાબ હોતી નથી પણ એના ઈરાદા-ખયાલાત ખરાબ હોય છે.**